જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૩/૧૧/૨૦૧૭ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયા :- સમાચાર યાદી નં.૨૨૨૧/૧૭

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ૭૭ કેસ કરી, ૬૫ વ્યક્તિઓને ઝડપી, ૩૮૧ લીટર દેશી દારૂ, ૪ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૧૨ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૬ કેસ કરી ૩૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૮૮,૪૯૫/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૨૨૨/૧૭

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સીઆર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૫૮૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૯૯ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૨૨૨૩/૧૭**

**વાડજઃ** મનોજભાઈ જગદીશભાઈ શાહ (ઉ.વ.૪૪) (રહે.શ્રીજી બંગલોઝ રેલ્વે ક્રોસીંગ પાસે મુકો વાલ્ભ વિધ્યાનગર આણંદ) એ તા.૨/૧૧/૧૭ નારોજ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૨/૯/૧૭ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી પ્રતિકભાઈ મુકુંદરાય રાવલ (રહે. મારૂતી રેસીડેન્સી ટાઈમ્સ ઓફ ઈન્ડીયા પ્રેસ રોડ વસ્ત્રાપુર રેલ્વે ક્રોસીંગ પાછળ અમદાવાદ) એ ઈન્કમટેક્ષ ગ્રાઉન્ડ ફ્લોર હરસિધ્ધ ચેમ્બર્સ ખાતે મનોજભાઈને દીવાળી વેકેશનમાં સિંગાપુર મલેશિયા કુંકટ ખાતે ફરવા જવા સારૂ ટીકીટ અને વિઝા તેમજ હોટલ બુંકીગ કરાવી આપવાના બહાને મનોજભાઈને અને સગા-સબંધીના મળી કુલ-૬ પાસપોર્ટ અને રોકડ રૂપિયા ૮,૦૫,૦૦૦/- મેળવી લઈ ઓફીસ બંધ કરી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પોસ.ઇ.શ્રી જે.એ.રાઠવા ચલાવે છે.

**ઘરફોડઃ- સમાચાર યાદી નં.૨૨૨૪/૧૭**

**સરદારનગરઃ** ચિરાગ સુભાષભાઇ ગુરનાણી (રહે.પહેલો માળ મહાદેવનગર માયા સિનેમા સામે મત્રુછાયા સોસાયટી પાસે કુબેરનગર સરદારનગર) એ તા.૨/૧૧/૧૭ નારોજ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૬/૧૦/૧૭ કલાક ૧૨/૦૦ થી તા.૧/૧૧/૧૭ કલાક ૯/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના અને ચાંદીના સિક્કા નંગ-૨૦ મળી કુલ રૂપિયા ૭૯,૫૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પોસ.ઇ.શ્રી એમ.એમ. ઠાકોર ચલાવે છે.

**વટવા**ઃ સમીમબાનુ વા/ઓ મહમંદરફીક શેખ (રહે. અજીમપાર્ક સોસાયટી મુરલીધરા સોસાયટી પાછળ સૈયદવાડી વટવા) એ તા.૦૨/૧૧/૧૭ નારોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૦/૧૦/૧૭ બપોરના ૨/૩૦ થી તા.૨/૧૧/૧૭ કલાક ૪/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનની જાળીનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોનાના દાગીના કિમત રૂપિયા ૮૬,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પોઇશ્રી એમ.જી.પટેલ ચલાવે છે.

**<u>ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૨૨૫/૧૭</u>**

નરોડાઃ ધર્મેશકુમાર ખોડાભાઇ પટેલ (રહે.શિવકૃપા રેસીડેન્સી જનસેવા કેન્દ્રની સામે નિકોલ નરોડા રોડ) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧/૧૧/૧૭ બપોરના ૩/૧૫ વાગ્યાના સુમારે દાસ્તાન સર્કલથી હરિદર્શન ચાર રસ્તા તરફ જતા રોડ ઉપર પોતાની કારના હેન્ડલમાં ભરાવેલ પર્સ અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ હતી. જે પર્સમાં સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૮૫૦૦/- મળી કુલ રૂપિયા ૧,૧૬,૫૦૦/- મતા હતી. આ ગુનાની તપાસ પોસ.ઇ.શ્રી કે.બી.રાઠોડ ચલાવે છે.

**<u>પોલીસની ખોટી ઓળખ આપી ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૨૨૬/૧૭</u>**

**ખાડીયા**ઃ પરસોત્તમભાઈ બાબુભાઈ દેવજાણી (રહે. લીલા શાહનગર એસ.ટી.રોડ વેરાવળ ગીર સોમનાથ) એ ખાડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૧/૧૦/૧૭ સવારના ૭/૧૫ થી ૭/૩૦ વાગ્યા દરમ્યાન આસ્ટોડિયા ભજીયા હાઉસ પાસે અજાણ્યા બે પુરૂષોએ પોલીસની ઓળખ આપી ચેકીંગ ચાલે છે તેમ કહી બેગ ચેક કરવાનુ કહી પરષોત્તમભાઈની નજર ચુકવી બેગમાંથી રોકડ રૂપિયા ૨,૦૦,૦૦૦/- ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ પોસ.ઇ.શ્રી એલ.એ.ભરગા ચલાવે છે.

**<u>સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયોઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૨૨૭/૧૭</u>**

વસ્ત્રાપુરઃ અલ્પાબહેન વા/ઓ પ્રદિપકુમાર ચોક્સી (ઉ.વ.૪૭) (રહે. આમ્રકુંજ એપાર્ટમેન્ટ સોનલ ચાર રસ્તા ગુરૂકુલ રોડ મેમનગર) તા.૨/૧૧/૧૭ કલાક ૬/૪૫ વાગ્યાના સુમારે રહેણાંક નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે સફેદ રંગના એક્ટીવા ઉપર આવેલ એક પુરૂષ અલ્પાબહેનના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૨૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ અલ્પાબહેન ચોક્સીએ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પોસ.ઇ.શ્રી એન.આર.ભરવાડ ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૨૨૮/૧૭</u>**

**બાપુનગર**ઃ કરણભાઇ ભીમરાવભાઇ મરાઠા (ઉ.વ.૩૦) (રહે.આબાદનગરના છાપરા વૈશાલી ફ્લેટ સામે બાપુનગર) એ કોઈ કારણસર તા.૧/૧૧/૧૭ રાતના ૧૦/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે રસોડાના છતની પાઈપ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી ચંદુભાઇ વશરામભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.